# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૫૧ • તા. ૧ માર્ચ થી ૭ માર્ચ ૨૦૨૫



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.






# શ્રી શાંતિનાથ દાદા જિનાલયની માણેકજી મેઘજી લોડાયા પરિવાર તરફથી જિનભક્તિ ત્રિહાન્હિકા મહોત્સવ તથા ૧૫૯ મો ધ્વજારોહણ સંપન્ન




Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai
GJF
Life Member
SHUBH
DIAMONDS
RAJESH MOMAYA
9884149494
# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.
For Business Queries : 044-4314 1444
www.shubhdiamonds.com
Contact : 9884899494
E.Mail : pratik.mota@shubhdiamonds.com
-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા

**-: કાર્યાલય :-**


**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

C/o. Jaydeep Group,
# 203, Jaydeep Emphasis,
2nd Floor, Opp. PNB
Bank, Near Datta Mandir,
Above Saraswat Bank,
Waghle Estate, Thane
(W), Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


**અમારી વાત...** **સંપાદક સ્થાનેથી**

# જીવનમાં અવનવા રંગો ભરતા અનેકવિધ તહેવારો

ભારત દેશ વિવિધ ઉત્સવ તહેવારોનો ગુચ્છો છે. જેમાં દરેક ધર્મ, સંપ્રદાય વિવિધ દેવ-દેવીઓ, એટલું જ નહીં સૂર્ય, ચંદ્ર, ગાય, સર્પને લગતા તહેવારો ઉજવાતા રહે છે. વિદેશમાં નાતાલ, ન્યૂ યર જેવા ઈન મીન સાડે તીન તહેવારો ગણીને છે. તો માતા-પિતા, ભાઈ-બહેન, મિત્ર વિગેરે માટે મુકરર દિવસ હોય જે દિવસે જે તે સંબંધોની યાદ કરી તેમની ગુણ ગાથા ગાઈ લીધી કે ઉજવણી પૂરી થઈ.

આની સરખામણીમાં આપણો દેશ વિવિધ તહેવારો, ઉત્સવોની ઉજવણીમાં મગ્ન રહેતો દેશ છે. વિવિધ ધર્મના ઉત્સવો ક્રમશ ઉજવવાને લીધે નાના, મોટા વેપારીઓને પણ તેમના જોગનો ધંધો મળી રહે છે. એક ધારા ચાલતા જીવનમાં નવીન થાય, હર કોઈ દિવસ અલગ રીતે ઉજવાય તો એક નવો માહોલ મળે, એક ઉત્સાહવર્ધક વાતાવરણ સર્જાય છે. જે પછી ના અનેક દિવસો આનંદ ઉમંગ ભર્યા રહેતા હોય છે. રોજ રોજ ખારું, ખાટું, કડવું ભોજન પછી મીઠો મધૂર આહાર માણવાની મજા અલગ હોય છે. દુઃખ દર્દ, શોકની લાગણીઓ વચ્ચે સુખનો માહોલ જીવનમાં મેઘધનુષ જેવા રંગો સર્જે છે. જે અદમ્ય ઉત્સાહની લહેર સર્જે છે.

આપણી ભારતીય સંસ્કૃતિના વરસ દરમ્યાન આવતા તહેવારો આપણા જીવનમાં નવીન ઉત્સાહ આનંદ અને ખુશાલીના ફૂલ ગુચ્ચા છે. જે આપણા પરિવારો મિત્રો આપણા સહ કર્મચારીઓ, આપણા પોતાના વ્યાપાર ધંધાના સહયોગી સાથેનો નાતો વધુ મજબૂત બનાવે છે. જેમ દર સપ્તાહના સોમથી શનિ સુધીના રૂટિન પછી રવિવારની રજા આવનાર બીજા સપ્તાહ માટેનો ઉત્સાહ સાથે શક્તિ માટે બૂસ્ટરનું કામ કરે છે. વરસની ત્રણ મોસમ ઠંડી, ગરમી અને વર્ષા. તેની છ ઋતુ શરદ, હેમંત, શિશિર, વસંત, ગ્રીષ્મ, વર્ષા. એ બધાને સાંકળતા અલગ અલગ જાતભાતના ઉત્સવો આ ઋતુમાં પાકતા ધાન્ય, ફળ, ફૂલોને લીધે એક નવો માહોલ આપણને આપે છે. ક્ષુલ્લક કારણો સાથે તહેવારો જોડવામાં આવે તો લોકો એનો અમલ ન પણ કરે, પણ કોઈ ધાર્મિક માન્યતા, કે દેવ દેવી સંસ્કૃતિને જોડીને તહેવારો ઉજવાયતો પરિવારના નાનાથી મોટા એમાં ઉત્સાહ આનંદ અને ઉમંગથી રૂઢિગત માન્યતાઓને આદર આપીને સંકળાય છે. ભારતીય સંસ્કૃતિની મોટી ઉપલબ્ધિ તેના ઉજવાતા વિવિધ તહેવારો છે. ગમીગીની ઉત્સાહ, સવાર સાંજ, દિવસ રાત, તડકો છાંયડો, આ બધાનું મિશ્રણ જીવનમાં નવા રંગો નવો માહોલ સર્જે છે. નાના મોટા, બાળકો વડીલો, દરેક વયના માટે ઉત્સવ ઉજવણી માટે અલગ અલગ કારણો હોય છે. નાના બાળકો કલાસનું હોમવર્ક ભૂલી ધીંગા મસ્તીથી ઘરને, શેરીને, સોસાયટીને તોફાન કોલાહલથી ભરે છે તો વડીલો સ્નેહી સ્વજનોને તહેવારોની વિવિધ પ્રકારે શુભેચ્છા-લાગણી સાથે પોતાની શુભેચ્છા અર્પે છે. તો મધ્યમવયના માતા-પિતા પોતાના સમોવડીયાઓની સાથે ઉત્સવના અવનવા રંગોથી ઉજવી દિવસ યાદગાર બનાવે છે. આમ સમગ્રરીતે જીવનમાં આવતા અવનવા તહેવારો, અઢળક ઉત્સવો નાના મોટા સૌના હૃદય ઉત્સાહ, ઉમંગના રંગોથી મેઘધનુષ માહોલ સર્જે છે. જિંદગી રંગીન છે તો જ જિંદગી સંગીન છે.

– જય જ્ઞાતિમૈયા

# પિતા એટલે પુત્રીનું પીઠબળ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

માતાનો પ્રેમ બોલકો છે. તેના પ્રેમ-સમર્પણના ગુણગાન લેકક-કવિઓએ બહોળાપણે ગાયા છે. એની તુલનામાં પિતાની મહતા અછાની રહી છે. અનુભવે એવું જોવા મળે છે કે પુત્ર માતાની નજીક હોય છે. જ્યારે પુત્રી પિતાની વહાલી દુલારી હોય છે. પિતાની મહતા, તેની પરિવાર પ્રત્યેની કર્તવ્ય બધ્ધતાનું વર્ણન કરવું આસાન નથી. પિતા એટલે સંતાન માટે કાયમ અકબંધ રહેલું પરબીડિયું.

માતા સાક્ષાત દેવી છે તો પિતા એ દેવતાઓના સ્વરૂપે છે. પિતાની મહતાનું ગુણગાન ગાવું, તેનું વર્ણન કરવું આસાન નથી. એ એવું અકબંધ પરબીડિયું છે. જે કાયમ અંદર રહેલા અતૂટ પ્રેમનો અંશ પુત્રી જ ઓળખી શકે છે. દુનિયાનો શ્રેષ્ઠતમ સંબંધ પિતા અને પુત્રીનો છે. જોકે પિતાનો પ્રેમ મા જેવો બોલકો કે વાચાળ નથી. એટલે પિતા સંતાનોને પ્રેમ કરે છે એ ક્યારે બોલીને વ્યક્ત કરતો નથી. તેના પ્રેમની ઓળખ તેણે સંતાન માટે કરેલા કાર્યમાં, સમર્પણની ભાવનામાં, હૂંફ કાળજીમાં વ્યક્ત થાય છે. સંતાનનો જન્મ થતાં પિતાનો જન્મ થાય છે.

એક પુત્રી માટે તેનું અડધુ વિશ્વ તેના પિતા જ હોય છે. જ્યારથી તે તેના નાના નાના હાથથી પિતાની આંગળી પકડીને ડગમગ પગલે ચાલે છે. ત્યારે જ પિતાનો હાથ હમેંશા સાથે હોય એવી ભાવના રાખે છે. જ્યારે પુખ્ત થાય છે ત્યારે પિતાનો કારણ પિતા જ હોય છે જે પુત્રીને રાહ નિર્દેશ આપી શકે છે તો જમાનાની તેની તરફ ઊઠતી આંગળીઓને નીચી પણ પાડી શકે છે.

પુત્રી પિતા માટે બહેન, માતા અને દાદી તરીકે તો ક્યારેક મિત્ર તરીકે ભાગ ભજવે છે. દીકરી પારકાના ઘરે કાયમ માટે યજાય છે ત્યારે પિતાનો પ્રેમ હમેંશા પુત્રી સાથે રહેતો હોય છે. પુત્રીને વિશ્વાસ હોય છે કે વિશ્વમાં બલે કોઈપણ તેનો સાથ છોડી શકે છે પણ પિતા તેનો ક્યારેય સાથ નહી છોડે. પિતાનો સાથ અને તેની હયાતી જ પુત્રી માટે સર્વસ્વ હોય છે. પિતાના જીવનમાંથી પુત્રી શીખે છે. જીવન જીવવાના પાઠ ભણે છે. જીવનમાં કેમ જીવવવું સંઘર્ષ સાથે તેના પાઠ પપ્પા શીખવાડે છે. પરિસ્થિરતિ આપણને નહીં પણ આપણે પરિસ્થિતિને આપણે કેવી રીતે પડકારી શકીએ એ શીખવે છે ને પોતાની લાગણી એ કેવી જગ્યાએ ખર્ચ કરવી, મર્યાદામાં રહીને પણ પોતાના સપનાં કેમ સાકર કરવા. આ બધી બાબતો છે જે જીવનરૂપી પાઠશાળામાં ફક્ત દાખલો લેવા માટે જ નહીં પણ તેમાં ઉચ્ચ ક્રમાંકે પાસ થવામાં મહત્વની ભૂમિકા ભજવાનો પાઠ પિતા પાસેથી મળે છે.

એક પુત્રી માટે તેના પિતા દુનિયામાં સૌથી ખાસ વ્યક્તિ હોય છે. આ એટલા માટે નહીં કે તેઓ તેની બધી વાત માને છે કે તેને બધું ગમતું અપાવે છે. પણ પિતાની હયાતી જ પુત્રી માટે વિશેષ અને સર્વસ્વ હોય છે. માતા પુત્રીને જન્મ આપે છે તેનું સંભાળપૂર્વક જતન કરે છે. જ્યારે પિતા જીવન સંસ્કારનું ગણતર, ભણતર અને ચણતર કરવા માટે લોહી પાણી એક કરે છે. પિતા તેની લાડલી પુત્રી માટે હમેંશા ચિર સ્મરણીય હોય છે. તેમના આશીર્વાદ સ્વરૂપમાં સાથે વિતાવેલી દરેક ક્ષણના મીઠાં સંસ્મરણોમાં જીવન અને જીવવાની પળોમાં સદૈવ માર્ગદર્શક તરીકે રહે છે.


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# ARIHANT BANK

## SHRI ARIHANT CO-OP. BANK LTD.

**1st Jan - 30th June 2025**

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

★ STAMP FRANKING
Now Available

HOME LOAN

CAR LOAN

COMMERCIAL VEHICLE LOAN

SOLAR LOAN

***7.49%** (p.a.)

***8.49%** (p.a.)

GOLD LOAN

LOAN AGAINST PROPERTY

TRADE LOAN

LOAN AGAINST INSURANCE POLICY

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083**

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) |
|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 |

| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
|---|---|---|---|---|---|
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

**SADA AAPKE SANG, ARIHANT**

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**

SADA AAPKE SANG, ARIHANT

www.arihantbank.com @ Arihant Bank

# જ્ઞાતિજનોને આવ્હાન

**આપણી જ્ઞાતિની વિરાસત ભવિષ્યમાં સચવાયેલી રહે સાથો સાથ આજની પેઢીને આપણી જ્ઞાતિની સંસ્કૃતિ-સંસ્કાર અને વિરાસતની આધારભૂત માહિતી મળે એ જરૂરી છે. જે માટે સમસ્ત મહાજન દ્વારા જ્ઞાતિ ગ્રંથનું સંકલન કરવાનું આયોજન છે. જે માટે માહિતી સંકલિત કરાઈ રહી છે.**

જ્ઞાતિના સૌ મહાજનો/સંસ્થાઓ/વ્યક્તિઓ સૌને જણાવવાનું કે આપની પાસે આપણી જ્ઞાતિ વિષેની માહિતી, વિગત, જાણકારી હોય તે લખીને ફોટા સાથે ઈમેઈલ **kdogranth@gmail.com** ઉપર મોકલવા વિનંતી

અથવા

**શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન કેડીઓ મીડિયા સમિતિ**

બી-૩, કૃષ્ણ કુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, વાલજી લધ્ધા રોડ, વિકાસ પ્લાઝોની પાસે, મુલુંડ(વેસ્ટ).

**વધુ વિગત માટે સંપર્ક**

**98690 05403 / 98330 72879**

# શ્રી શાંતિનાથ દાદા જિનાલયની માણેકજી મેઘજી લોડાયા પરિવાર તરફથી જિનભક્તિ ત્રિહાન્હિકા મહોત્સવ તથા ૧૫૯ મો ધ્વજારોહણ સંપન્ન











શ્રી સાંધવ નગરે ૧૫૯ મી ધજા મહોત્સવ પ્રસંગે મુંબઈથી ટ્રેનમાં આવતા દાદરથી ભુજ તરફ પ્રયાણ.

શ્રી સાંધવ નગરે ત્રિહાન્હિકા મહોત્સવ પ્રસંગે માતૃશ્રી રસીલાબેન માણેકજી લોડાયાનો પરિવાર મુંબઈ સેન્ટરથી કર્ણાવતી ટ્રેન દ્વારા પ્રયાણ અમદાવાદથી સિલ્પર કોચમાં બસ સાંધવ તરફ પ્રયાણ.

તા.૮ ફેબ્રુઆરી શ્રી સાંધવ નગરે ત્રિદ્વિવસીય મહોત્સવ પ્રસંગે મુંબઈથી પધારેલ સંઘનો સામૈયુ.

તા.૮ ફેબ્રુઆરી શ્રી સાંધવ નગરે ત્રિદ્વિવસીય મહોત્સવ પ્રસંગે શાંતિનાથ દાદાના જિનાલયમાં તોરણ બંધન કરતા દાતા પરિવાર શ્રી માણેકજી મેઘજી લોડાયા સાંધવવાળાના આત્મશ્રેયાર્થે ત્રિદિવસય જિનભક્તિ મહોત્સવનો પ્રારંભ.



# શ્રી શાંતિનાથ દાદા જિનાલયની માણેકજી મેઘજી લોડાયા પરિવાર તરફથી જિનભક્તિ ત્રિહાન્હિકા મહોત્સવ તથા ૧૫૯ મો ધ્વજારોહણ સંપન્ન











મહોત્સવનું પ્રથમ દિવસ તા. ૦૮ ફેબ્રુઆરી શનિવાર શ્રી સાંધવ નગરના શ્રી શાંતિનાથ દાદા જિનાલયની ૧૫૯ મી ધજા ત્રિહાનિકા મહોત્સવનો પ્રથમ દિવસ આજના દિવસના પ્રભુજીનો પક્ષાલ તથા ચંદન પૂજાના ચઢાવા લેનાર ભાગ્યશાળી પરિવાર. પ્રભુજી નો પક્ષાલ ૧૦૦ મણ માતૃશ્રી રસીલાબેન માણેકજી મેઘજી લોડાયા-મુલુંડ. કેસર પૂજા શ્રી શાંતિનાથ ભગવાન ૧૦૧ મણ માતૃશ્રી રસીલાબેન માણેકજી મેઘજી લોડાયા-મુલુંડ. શ્રી ધર્મનાથ ભગવાન ૧૦૧ મણ શ્રી માણેકજી મેઘજી લોડાયા-મુલુંડ. શ્રી મહાવીર સ્વામી ભગવાન ૧૦૧ મણ અ.સૌ. દિપાલીબેન ચેતન માણેકજી લોડાયા-મુલુંડ. શ્રી અજિતનાથ ભગવાન ૧૦૧ મણ અ.સૌ. યજ્ઞાબેન જયેશ માણેકજી લોડાયા-મુલુંડ. વિમલનાથ ભગવાન ૧૦૧ મણ અ.સૌ. વર્ષાબેન ભાવેશ માણેકજી લોડાયા-મુલુંડ.







# શ્રી શાંતિનાથ દાદા જિનાલયની માણેકજી મેઘજી લોડાયા પરિવાર તરફથી જિનભક્તિ ત્રિહાન્હિકા મહોત્સવ તથા ૧૫૯ મો ધ્વજારોહણ સંપન્ન





પ.પૂ.તપસ્વીરત્ન મુનિરાજશ્રી હિતવર્ધનસાગરજી મ.સા. અને પરમ પૂજ્ય સાધ્વીજી શ્રી નંદીવર્ધનાશ્રીજી મ.સા. આદિ ઠાણા પરમ પૂજ્ય સાધ્વીજી શ્રી પૂર્ણગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણાની શુભ નિશ્રા શ્રી સાંધવ નગરે શ્રી શાંતિનાથદાદા જિનાલય ૧૫૯ મી વર્ષગાંઠના ત્રિદિવસીય મહોત્સવ શ્રી માણેકજી મેઘજી લોડાયા સાંધવવાળાના આત્મશ્રેયાર્થે ત્રિદિવસય જિનભક્તિ મહોત્સવનો પ્રથમ દિવસ તા. ૦૮ ફેબ્રુઆરી શનિવાર શ્રી કુંભ સ્થાપના,




શ્રી દીપક સ્થાપના, શ્રી જ્વારા રોપણ, શ્રી નવગ્રહ પાટલા પૂજન, શ્રી દસદીકપાલ પૂજન, શ્રી અષ્ટમંગલ પૂજન રૂપિયા ૧૦/-ની પ્રભાવના શ્રી દાતા પરિવાર શ્રી માણેકજી મેઘજી લોડાયા પરિવાર તરફથી બપોરના વ્યાખ્યાન બાદ રૂપિયા ૧૦/- ની પ્રભાવના માતૃશ્રી મુરબાઈ ભવાનજી લોડાયા હસ્તે શ્રી મણિલાલ ભવાનજી લોડાયા-સાંધવ ભાંડુપ. સાંજે પ્રભુજીની ભવ્યતિ ભવ્ય અંગરચના અને જીવદયામાં સાંધવના વથાણમાં જુવ્હાર નાખવામાં આવેલ. પક્ષીઓને ચણ, કુતરાઓને રોટલા અને રાત્રિ ભક્તિભાવના તથા શ્રી મહાકાળી માતાજી ભાવના ભણાવવામાં આવેલ.

મહોત્સવનું બીજો દિવસ તા.૦૯ ફેબ્રુઆરી રવિવારના દિવસના પ્રભુજી નો પક્ષાલ તથા ચંદન પૂજાના ચઢાવા લેનાર ભાગ્યશાળી પરિવાર પ્રભુજી નો પક્ષાલ ૭૦૧ મણ માતૃશ્રી જ્યોત્સનાબેન દામજી દંડ-ભાંડુપ, કેસર પૂજા શ્રી શાંતિનાથ ભગવાન ૬૦૧ મણ માતૃશ્રી કસ્તુરીબાઈ મણિલાલ લોડાયા-ભાંડુપ, શ્રી ધર્મનાથ ભગવાન ૨૫૧ મણ અ.સૌ.લતાબેન દિલીપભાઈ લોડાયા-વારાપદ્ધર હસ્તે અ.સૌ.માલતીબેન મહેન્દ્ર મોમાયા, શ્રી મહાવીર સ્વામી ભગવાન ૭૫૧ મણ માતૃશ્રી કસ્તુરીબાઈ વીરચંદ મેઘજી લોડાયા હસ્તેઃ દીપક-ડોમ્બિવલી, શ્રી અજિતનાથ ભગવાન ૧૧૧૧ મણ માતૃશ્રી ખેતબાઈ ત્રિકમજી મૈશેરી-સાંધાણ ડોમ્બિવલી, શ્રી વિમલનાથ ભગવાન ૧૬૧૬ મણ અ.સૌ.કૃપા ભાવિન લોડાયા હસ્તેઃ શ્રી ઉદય મહેન્દ્ર મોમાયા-વારાપદ્ધર ભાંડુપ.

મહોત્સવ બીજા દિવસે તા. ૯ ફેબ્રુઆરી શ્રી સાંધવ નગરે ૧૫૯ મી ધજા સવારના ૬:૩૦ કલાકે પ્રથમ વખત સાંધવ નગરના પાણી લઘુંશાંતિના સ્નાત્ર જલાનયન વિધિ માટે ૧) માતૃશ્રી કાન્તાબાઇ આણંદજી ખોના ૨) ગોવિંદ કુંજ પટેલ પરિવાર ૩) ખેતુભા હજુભા જાડેજા ૪) માધુભા રાજમલજી જાડેજા ૫) ખેતુભા જેમલજી જાડેજા ૬) અતિથિ ગ્રહના

# શ્રી શાંતિનાથ દાદા જિનાલયની માણેકજી મેઘજી લોડાયા પરિવાર તરફથી જિનભક્તિ ત્રિહાન્હિકા મહોત્સવ તથા ૧૫૯ મો ધ્વજારોહણ સંપન્ન

કમ્પાઉન્ડમાં બધા બોરના તાજા પાણી ભરવા બહેનો માટે હેલ/બેડા લઈ પૂજ્ય મ.સા. અને નિખિલ હરિયા સથવારે વિધિ વિધાન બોરવેલના તાજા પાણી ભરે આવેલ દરેક બેડાવોને લેનાર બહેનોને રૂપિયા ૫૦ ની પ્રભાવના શા.માણેકજી મેઘજી લોડાયા પરિવાર તરફથી.

સવારના લઘુશાંતિસ્નાત્ર પૂજન ભણાવવામાં આવેલ. પ.પૂ.શ્રી પુન્યવંતાશ્રીજી મ.સા. એ ભક્તિ ગીતોની રમઝટ જમાવેલ. બપોરે પૂજ્યશ્રી એ વ્યાખાન ફરમાવેલ અને રૂા.૧૦ ની પ્રભાવના શ્રી માણેકજી મેઘજી લોડાયા પરિવાર તરફથી જીવદયામાં ગાયોનાં વથાણમાં જુવાર નાખવામાં આવેલ. પક્ષીઓને ચણ, કુતરાઓના રોટલા, સાંજે સાચા કસબ ઝરીની આંગી બનાવવામાં આવેલ. આંગીનાં લાભાર્થી પરિવાર માતૃશ્રી રસીલાબેન માણેકજી લોડાયા પરિવાર એ લીધેલ. આ આંગી મહાજનશ્રીને અર્પણ કરેલ છે. રાત્રે પ્રભુજીની ભવ્યાતિભવ્ય કસબની અંગરચના કરવામાં આવેલ.

મહોત્સવનું ત્રીજો દિવસ તા. ૧૦ ફેબ્રુઆરી સોમવાર શ્રી સાંધવ નગરના શ્રી શાંતિનાથ દાદા જિનાલયની ૧૫૯ મી ધજાનો દિવસ. આજના દિવસના પ્રભુજીનો પક્ષાલ તથા ચંદન પૂજાના ચઢાવા લેનાર ભાગ્યશાળી પરિવાર. પ્રભુજી નો પક્ષાલ ૧,૧૧૧ મણ માતૃશ્રી રસીલાબેન માણેકજી મેઘજી લોડાયા-મુલુંડ. કેસર પૂજા ૧,૬૧૬ મણ માતૃશ્રી રસીલાબેન માણેકજી મેઘજી લોડાયા-મુલુંડ. શ્રી ધર્મનાથ ભગવાન ૫૦૧ મણ માતૃશ્રી જમકુબાઇ લાલજી પટેલ-મુલુંડ. શ્રી મહાવીર સ્વામી ભગવાન ૫૦૧ મણ અ.સૌ. કાજલબેન નિખિલ ગોવિંદજી પટેલ-મુલુંડ. શ્રી અજિતનાથ ભગવાન ૫૦૧ મણ અ.સૌ. હેતલબેન હિતેશ ગોવિંદજી પટેલ-મુલુંડ. શ્રી વિમલનાથ ભગવાન ૧,૩૧૩ મણ અ.સૌ. વિજયાબેન ગોવિંદજી લાલજી પટેલ-મુલુંડ.

તા.૧૦ ફેબ્રુઆરી ત્રીજો દિવસ સવારના સત્તરભેદી પૂજા ભણાવવામાં આવેલ. ૯મી પૂજા અને ધજા ચડાવનાર લાભાર્થી પરિવાર આણંદજી હીરજી ખોના-ગાંધીધામ, પદમશી કલ્યાણજી ખોના-ભુજ પરિવારે લીધેલ. પેડાંની પ્રભાવના શ્રી માણેકજી મેઘજી લોડાયા પરિવાર તરફથી ધજા મહોત્સવનાં દિવસે ૨૫૦ જણાની સંખ્યા થયેલ ટોટલ. દરેક સંઘ પૂજન ભાગ્યશાળી પરિવાર તરફથી રૂા.૧૬૦નું સંઘ પૂજન થયેલ.

ત્રિદિવસીય મહોત્સવમાં મુંબઈથી ૧૫૦ જણની સંખ્યામાં પધારેલ. ૭૦ જણા દાતાશ્રી પરિવારનાં સગા સંબધી પધારેલ.

સંઘપૂજન શ્રી દાતા પરિવારો યાદી

રૂપિયા ૫,૧૦૦/- શ્રેષ્ઠિવર્ય શ્રી માણેકજી મેઘજી લોડાયા મુલુંડ, માતૃશ્રી કાન્તાબાઇ આણંદજી ખોના ગાંધીધામ.

રૂપિયા ૨,૫૦૦/- શેઠશ્રી ચાંપશીભાઈ માણેકજી લોડાયા (લોખંડવાળા) ઘાટકોપર, શેઠશ્રી શામજીભાઈ નરશી દંડ મુલુંડ.

રૂપિયા ૨,૧૦૦/- માતૃશ્રી વિમળાબાઈ ઠાકરશી પટેલ મુલુંડ

રૂપિયા ૧,૧૦૦/- અ.સૌ. પ્રીતિબેન પ્રકાશ લોડાયા થાણા, માતૃશ્રી નિર્મલાબેન નવીનચંદ્ર લોડાયા-મુલુંડ, માતૃશ્રી કસ્તુરીબાઈ ખેતશી શિયાળ જખૌ-અહમદાવાદ, માતૃશ્રી જમકુબાઇ લાલજી પટેલ મુલુંડ, માતૃશ્રી મણિબાઇ કુંવરજી મોતા-ડોમ્બિવલી, અ.સૌ.નયનાબેન વીરચંદ મેઘજી ખોના-ડોમ્બિવલી, માતૃશ્રી વિમળાબાઇ ખીમજી દંડ-વાપી, માતૃશ્રી દમયંતીબેન હંસરાજ દંડ-મુલુંડ, અ.સૌ. જયાબેન લક્ષ્મીચંદ દંડ-ભાંડુપ, અ.સૌ. શકુંતલાબેન રાયચંદ દંડ-મુલુંડ, માતૃશ્રી ઝવેરબાઇ પદમશી ખોના-ભાંડુપ, માતૃશ્રી જ્યોત્સનાબેન દામજી દંડ-ભાંડુપ, શ્રી દિનેશ રામજી લોડાયા-મુલુંડ, માતૃશ્રી કાન્તાબાઇ ખીમજી નાગડા મુલુંડ, હસ્તે : નવીનભાઈ શ્રી મણિલાલ ભવાનજી લોડાયા-ભાંડુપ, અ.સૌ ભાવનાબેન મુકેશ મોતા-નલિયા.

રૂપિયા ૫૦૦/- માતૃશ્રી જેવંતીબાઈ લાલજી દંડ-પરજાઉ નાહૂર, માતૃશ્રી ખેતબાઈ મેઘજી ખોના હસ્તે : જયશ્રીબેન ઝવેરચંદ ખોના- ડોમ્બિવલી, અ.સૌ. કાન્તાબેન ખીમજી લોડાયા-લાલા ડોમ્બિવલી, માતૃશ્રી ગોરબાઈ કુંવરજી લોડાયા-ભુજ, અ.સૌ. હિનાબેન દિનેશ મૈશેરી-મોટી સિંઘોડી અહમદાવાદ, શ્રી હિરેન શાંતિલાલ લોડાયા-સાંધવ, માતૃશ્રી કસ્તુરીબાઈ સોમચંદ લોડાયા-સાંધવ, શ્રી ઉમેશ ઉમરશી ખોના-ડોમ્બિવલી, અ.સૌ. ધનબાઈ રતિલાલ નાગડા-પરજાઉ, વિમળાબેન ખીમજી મૈશેરી-જખૌ ડોમ્બિવલી, દમયંતીબેન વાલજી ખોના-મોટી ખાવડી ચિંચપોકલી, ભારતીબેન સૂર્યકાન્ત નાગડા-જખૌ દાવણગીરી, હસ્મિ ચંદ્રકાન્ત સંગોઈ-કપાયા.

પેંડાની પ્રભાવના માતૃશ્રી રસીલાબેન માણેકજી મેઘજી લોડાયા પરિવાર શ્રી સાંધવ નગરના શ્રી શાંતિનાથ દાદા જિનાલયના ધજા ત્રિહાનિકા મહોત્સવમાં ૩૦૦ થી વધારેની સંખ્યામાં નગરજનો, મહેમાનો, સ્નેહીજનો, પરિવાર હાજરી આપેલ.

પ.પૂ.મુનિરાજ શ્રી હિતવર્ધનસાગરજી મ.સા.ની અને પ.પૂ.સાધ્વીજી શ્રી નંદીવર્ધનાશ્રીજી મ.સા.આદિ ઠાણા-૪ ની અને

# શ્રી શાંતિનાથ દાદા જિનાલયની માણેકજી મેઘજી લોડાયા પરિવાર તરફથી જિનભક્તિ ત્રિહાન્હિકા મહોત્સવ તથા ૧૫૯ મો ધ્વજારોહણ સંપન્ન

પ.પૂ.સાધ્વીજી શ્રી પુર્ણગુણાશ્રીજી મ.સા.ની શુભ નિશ્રામાં ત્રિદિવસિય ૧૫૯ શ્રી ધજા મહોત્સવ સહ પ્રભુભક્તિ મહોત્સવ રંગે ચંગે હર્ષોઉલ્લાસથી ઉજવાયો.

શ્રેષ્ઠીવર્ય શ્રી માણેકજી મેઘજી લોડાયાના આત્માશ્રેયાથે ભવ્યાતિભવ્ય ત્રિહાનિકા મહોત્સવ ઉજવાયો.

માતૃશ્રી રસીલાબેન માણેકજી લોડાયા પરિવારે આ ત્રિદ્વિવસીય મહોત્સવના સંપૂર્ણ સાધાર્મિક ભક્તિનો લાભ લીધેલ.

ત્રિદિવસીય ધજા મહોત્સવમાં વિધિવિધાન માટે શ્રી નિખિલ હરિયા અને સંગીતકાર શ્રી કિશોર સંગાર એ સારી રમઝટ જમાવેલ.

સાંધવ નગર વાસીઓ મુંબઈથી શામજીભાઈ દંડ, જયેશ લોડાયા, પ્રકાશભાઈ લોડાયા, વીરચંદ ખોના, પ્રવીણ મોતા, જવેરચંદ ખોના, મણિલાલ ખોના, વિપુલ પટેલ, સંદીપ લોડાયા, મુકેશ દંડ, હિતેશ પટેલ, રાજેશ દંડ, દ્વિનેશ લોડાયા, મધુકર લોડાયા, કાંતિભાઈ લોડાયા, દિપક લોડાયા, તરૂણ લોડાયા, રાયચંદ દંડ, લક્ષ્મીચંદ દંડ, ઉમેશ ખોના, નેમિન ખોના, ભાવેશ લોડાયા, ચેતન લોડાયા, દિલીપ લોડાયા.. આમંત્રણને માન આપીને પધારેલ.

કિરણ દંડ, ખીમજીભાઈ લોડાયા, નીતિન ધરમશી, દ્વિનેશ મેશેરી, મહેશ મોતા, શરદ દંડ, લઘુ મેશેરી, દિનેશ નાગડા, નવીનભાઈ નાગડા, અરવિંદભાઈ પરિવાર રાપર વાગડ, વિરલ ધરમશી, હરીશ શિયાલ, ભગુભા ગોહિલ, ધનંજય મેશેરી, મહેન્દ્ર મોમાયા, ઉદય મોમાયા, પ્રબોધ મુનવર.

મહોત્સવ દરમિયાન પંકજ ડાઘા, પૂજારીશ્રી, દિલીપ લોડાયા, સુરેશ દંડ, રઘુભા જાડેજા, રસીલાબેન ખોના, પ્રવિણાબેન રાજગોર, રાજેશ પટેલ, રાજેશ દંડ, હિતેશ પટેલ, મુકેશ દંડ, ખીમજીભાઈ લોડાયા, નીતિન ધરમશી, વિજયાબેન લોડાયા, કલ્પનાબેન લોડાયા, રેખાબેન લોડાયા, મીના દંડ, હેતલ પટેલ, ચેતનાબેન મોતા, નયનાબેન ખોના, વિમલાબાઈ મેશેરી. આ બધા એ જ ખુબ જ સારી સેવા આપીને આ મહોત્સવને સફળ બનાવી ચાર ચાંદ લગાડેલ.

ધજા મહોત્સવનાં દિવસે શ્રી મુંબઈ મહાજન વતી ચેતન મોતા, મનોજ લોડાયા મુલુંડથી કીર્તિભાઇ ધરમશી, ડુમરાથી રમેશ સોની, અક્ષય સોની, મંજલ રેલડિયાથી મંગલ લાલકા, ભચુભા દંડ, વરાડીયાથી વિનોદ મોમાયા, ખીરેશ ડાઘા પધારેલ.

મુંબઈથી વલ્લભભાઈ સોની, હીરાચંદ પીર, શ્રી વરાડીયા મહાજન નલિયાથી, સર્વે જણ ૨૫૦ ની સંખ્યામાં પધારેલ.

શ્રી સાંધવ નગરે ત્રિદિવસીય મહોત્સવનાં દાતાશ્રી પરિવાર શ્રી સાધારણમાં આની લખાવેલ દાતાશ્રી પરિવાર. સંઘપૂજન લખાવેલ દાતાશ્રી પરિવાર મુંબઈથી શ્રી સાંધવ નગરવાસીઓ નિયાણી બહેનો અને આમંત્રિત મહેમાનો સર્વેની શ્રી સાંધવ સંઘ ભૂરી ભૂરી અનુમોદના કરે છે.

શ્રી સાંધવ નગરે ૧૫૯ મી ધજા મહોત્સવ પ્રસંગે શ્રી સાધારણ ખાતાની આની લખાવીને લાભ લેનાર ભાગ્યશાળી પરિવારજનો.

**રૂ.૧૬૦૦૦**

૧) શ્રીમાન શ્રી માણેકજી મેઘજી લોડાયા-મુલુંડ ૨) શેઠશ્રી ચાંપશીભાઈ માણેકજી લોડાયા-ઘાટકોપર ૩) શેઠશ્રી શામજીભાઈ નરશી દંડ-મુલુંડ ૪) માતૃશ્રી વિમલાબાઈ ઠાકરશી પટેલ-મુલુંડ ૫) માતૃશ્રી નિર્મલાબેન નવીનચંદ્ર લોડાયા-મુલુંડ ૬) માતૃશ્રી મણિબાઇ માણેકજી લોડાયા હસ્તે : અં.સૌ. પ્રીતિબેન પ્રકાશ લોડાયા, માધવી-મહેક, વિધ્ધી-પ્રિયાંક, પાર્થ, મીરાન, અવિર થાણા ૭) માતૃશ્રી કાંતાબેન આણંદજી ખોના- ગાંધીધામ.

**રૂ.૧૧૦૦૦**

૧) શ્રીમાન શ્રી પદમશી કલ્યાણજી ખોના-સાંધવ.

રૂ.૭૭૦૦

૧) શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ.

**રૂ.૫૫૦૦**

૧) શ્રી ખેતરપાળ દાદાનાં નૂતન મંદિર પ્રતિષ્ઠા નિમિતે સાંધવ દંડ પરિવાર તરફથી ૨) અં.સૌ. લતાબેન પ્રકાશ લોડાયા-આણંદ ૩) માતૃશ્રી નવલબાઈ ભવાનજી દંડ-મુલુંડ ૪) માતૃશ્રી વિમલાબાઈ ખીમજી દંડ-વાપી. ૫) અં.સૌ.લીલાવંતીબેન હીરાચંદ નાગડા-નલિયા પનવેલ ૬) અં.સૌ.ભાવનાબેન મુકેશ મોતા-નલિયા.

# શ્રી શાંતિનાથ દાદા જિનાલયની માણેકજી મેઘજી લોડાયા પરિવાર તરફથી જિનભક્તિ ત્રિહાન્હિકા મહોત્સવ તથા ૧૫૯ મો ધ્વજારોહણ સંપન્ન

**રૂા. ૨૨૦૦**

૧) સ્વ. રાજેશ ઝવેરચંદ મુરજી દંડ-ભાંડુપ ૨) શ્રી તિલકચંદ મુરજી છેડા-સુજાપુર નાંદેડ ૩) અં.સૌ.પૂનમ હર્ષ યોગેશ પલણ-વાંકુ મુલુંડ ૪) માતૃશ્રી જમકુબાઈ લાલજી પટેલ-મુલુંડ ૫) માતૃશ્રી મણીબાઈ મણિલાલ માલશી લોડાયા-લોકાપુર ૬) માતૃશ્રી મણીબાઈ કુંવરજી મોતા-ડોમ્બિવલી. ૭) માતૃશ્રી ઝવેરબાઈ પદમશી ખોના-ભાંડુપ ૮) અં.સૌ.નયનાબેન વીરચંદ ખોના-ડોમ્બિવલી ૯) શ્રી ભરતભાઈ મેંઘજી ખોના-ડોમ્બિવલી ૧૦) સંઘવી શ્રી ભાગચંદ દામજી ધરમશી (જૈન)-કોઠારા મુંલુંડ ૧૧) માતૃશ્રી ખેતબાઈ કાનજી ભાણજી દંડ-દેવલાલી ૧૨) માતૃશ્રી જનકબેન અરવિંદભાઈ સોલંકી-રાપર ૧૩) માતૃશ્રી દયમંતી હંસરાજ દંડ-મુલુંડ ૧૪) વીણાબેન ઠાકરશી ધરમશી-સાંધાણ ડોમ્બિવલી.

**રૂા. ૧૧૦૦**

૧) માતૃશ્રી ખેતબાઈ મેઘજી કુંવરજી ખોના હસ્તે : અં.સૌ. જયશ્રીબેન જવેરચંદ ખોના-ડોમ્બિવલી ૨) અં.સૌ.નયનાબેન મહેન્દ્ર મોતા- લાલા ડોમ્બિવલી. ૩) શ્રી નવીનબાઈ દેવણાંધ લોડાયા-મુલુંડ ૪) શ્રી પદમશી કુંવરજી પટેલ-કલકતા ૫) અં.સૌ. લક્ષ્મીબેન શરદ દંડ-બાયઠ શેવગાંવ ૬) માતૃશ્રી ખમ્માબાઈ પદમશી લુઠીયા-રવા મુલુંડ ૭) માતૃશ્રી વેજબાઇ દેવણાંધ લોડાયા હસ્તે : અં. સૌ. ભારતીબેન કિશોર લોડાયા-ડોમ્બિવલી ૮) માતૃશ્રી વિજયાબાઈ પદમશી નાગડા-નલિયા ભાંડુપ ૯) શ્રી ઉમેશભાઈ ઉમરશી ખોના-ડોમ્બિવલી ૧૦) માતૃશ્રી મણીબેન બાબુભાઈ લોડાયા પરિવાર-અમદાવાદ ૧૧) માતૃશ્રી હેમલતાબેન પદમશી કુંવરજી પટેલ-કોચીન ૧૨) કાંતાબાઈ ચત્રભોજ મોમાયા-સાંયરા મુલુંડ ૧૩) જયાબાઈ ચત્રભોજ દંડ-મંજલ ભાંડુપ ૧૪) અં.સૌ.કલ્પનાબેન દિનેશ લોડાયા-મુંલુંડ ૧૫) અં. સૌ. કાંતાબેન ખીમજી લોડાયા-લાલા ડોમ્બિવલી ૧૬) શ્રી દામજીભાઈ નરશી દંડ-ભાંડુપ ૧૭) અં.સૌ.ભાવનાબેન ચંદ્રેશ સોની-જખૌ કાંદિવલી ૧૮) માતૃશ્રી લીલાવતીબેન વિશનજી સોની-જખૌ કાંદિવલી ૧૯) માતૃશ્રી મીઠીબાઈ સોમચંદ દંડ-મુલુંડ ૨૦) અં.સૌ.હીનાબેન દિનેશ મેશેરી-મોટી સિધોડી અમદાવાદ ૨૧) માતૃશ્રી જમકુબાઈ મેઘજી દેવશી દંડ-મુલુંડ ૨૨) શ્રી રામજી લાલજી ખોના-ડોમ્બિવલી ૨૩) અં.સૌ. ભાવનાબેન મુકેશ મોતા-નલિયા ૨૪ માતૃશ્રી જેવંતીબાઈ લાલજી દંડ-પરજાઉં નાહૂર ૨૫) ભારતીબેન સૂર્યકાંત નાગડા-જખૌ દાવણગિરી ૨૬) માતૃશ્રી કસ્તુરીબાઈ કેશવજી ધરમશી-સાંધાણ ડોમ્બિવલી ૨૭) માતૃશ્રી માંકબાઈ ખીમજી કરમશી નાગડા-તેરા મુલુંડ ૨૮) પૂર્ણિમાબેન તારાચંદ નાગડા-પરજાઉં મુલુંડ ૨૯) માતૃશ્રી કસ્તુરીબેન વીરચંદ લોડાયા-ડોમ્બિવલી ૩૦) માતૃશ્રી નવલબેન રતનશી લોડાયા-ડોમ્બિવલી ૩૧) અં.સૌ.જીનલ હિતેશ મોમાયા સુથરી-ડોમ્બિવલી ૩૨) શ્રી વિક્રાંત દિનેશ કુંવરજી મોતા-નલિયા ડોમ્બિવલી ૩૩) શ્રી હિરેન શાંતિલાલ લોડાયા-સાંધવ ૩૪) માતૃશ્રી શુશીલાબાઈ બકીમચંદ્ર મેશેરી-સાંયરા ઘાટકોપર ૩૫) અં.સૌ.જલ્પા દેવેન નવીનભાઈ લોડાયા હસ્તે : મિત દેવેન લોડાયા થાણા ૩૬) અં.સૌ.પૂજા અજિત નવીનભાઈ લોડાયા હસ્તે : પર્થવ નિયાંશ. અમેરિકા ૩૭) અં.સૌ.તેજલ કેતન નાગડા હસ્તે : લેખા સાગર.. સાંધાણ-બદલાપુર ૩૮) અં.સૌ.અરૂણાબેન નવીન લોડાયા-ઘાટકોપર ૩૯) પરી ગીતા રોહિત નાગડા-નલિયા અમદાવાદ ૪૦) શ્રી મણિલાલ ભવાનજી લોડાયા-ભાંડુપ ૪૧) અ.સૌ. તેજલ વિનિત ઉતીન ખોના-નલિયા મુલુંડ ૪૨) ભચીબાઈ ખીમજી નાગડા હસ્તે : ખમ્માબેન દિનેશ-તેરા ડોમ્બિવલી ૪૩) માતૃશ્રી જીઠીબાઈ ગોવિંદજી મોમાયા-વારાપદ્ધર-ભાંડુપ ૪૪) માતૃશ્રી સુનિતાબેન ગણેશ ભાંડલ-ભાંડુપ ૪૫) માતૃશ્રી ખેતબાઈ ત્રિકમજી મેશેરી-સાંધાણ ડોમ્બિવલી ૪૬) શ્રી ચાંપશી વિરમ દંડ-સાંધવ ૪૭) માતૃશ્રી હીરબાઇ મેઘજી નાગડા-પરજાઉં ભુજ.


અ.સૌ. પ્રીતિબેન પ્રકાશ લોડાયા-થાણા ક્રોશેટ બટુવા, રૂમાલ, સાડી, પર્સ, વગેરેમાં Limca Book Record Holder - 2011 તરફથી છાબને ઢાંકવા માટે મોટા રૂમાલ-૩ નંગ શ્રી મહાજનને ભેટ મળેલ છે.

તા. ૧૧ ફેબ્રુઆરી મંગળવાર શ્રી સ્નાત્ર પૂજા અને પ્રભાવના રૂપિયા ૧૦/- પરમ પૂજ્ય સાધ્વીજી પૂર્ણગુણાશ્રીજી મ.સા.ની ૧૧૩ મી ઓળી ના પારણાં નિમિત્તે.

તા. ૧૧ ફેબ્રુઆરી મંગળવાર શ્રી સાંધવ નગરના ધનભાગ્ય આજ રોજ પરમ પૂજ્ય સાધ્વીજી પૂર્ણગુણાશ્રીજી મ.સા. ની ૧૧૩ મી ઓળીના પારણાં કરાવવાનો લાભ મળેલ.

ત્રિદ્વિવસીય મહોત્સવ દરમ્યાન પધારેલ સર્વેનો શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન સાંધવ તથા માતૃશ્રી રસિલાબેન માણેકજી લોડાયા પરિવાર તરફથી ખૂબ ખૂબ અનુમોદના.

# શ્રી શાંતિનાથ દાદા જિનાલયની માણેકજી મેઘજી લોડાયા પરિવાર તરફથી જિનભક્તિ ત્રિહાન્હિકા મહોત્સવ તથા ૧૫૯ મો ધ્વજારોહણ સંપન્ન



















# શ્રી શાંતિનાથ દાદા જિનાલયની માણેકજી મેઘજી લોડાયા પરિવાર તરફથી જિનભક્તિ ત્રિહાન્હિકા મહોત્સવ તથા ૧૫૯ મો ધ્વજારોહણ સંપન્ન





























# શ્રી શાંતિનાથ દાદા જિનાલયની માણેકજી મેઘજી લોડાયા પરિવાર તરફથી જિનભક્તિ ત્રિહાન્હિકા મહોત્સવ તથા ૧૫૯ મો ધ્વજારોહણ સંપન્ન





























# શ્રી શાંતિનાથ દાદા જિનાલયની માણેકજી મેઘજી લોડાયા પરિવાર તરફથી જિનભક્તિ ત્રિહાન્હિકા મહોત્સવ તથા ૧૫૯ મો ધ્વજારોહણ સંપન્ન



















# સાંધવ નગરે છઠ્ઠા અતિથિગૃહનું ભૂમિપૂજન કર્યું (શ્રી પિંઢો બાપાનો ઘર)







દ્વિતીય દિવસ તા. ૦૯ ફેબ્રુઆરી રવિવાર બપોરના શ્રી પદમશી જેઠાભાઈ લોડાયા (શ્રી પિંઢો બાપા) લોખંડવાળાના વિંટામાં નવું અતિથિગૃહ છઠું શ્રી અતિથિગૃહની ખનન વિધિ કરવામાં આવેલ. પરમ પૂજ્ય સાધ્વીજી શ્રી નંદીવર્ધનાશ્રીજી મ.સા.આદિ ઠાણા, પરમ પૂજ્ય સાધ્વીજી શ્રી પૂર્ણગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણાનાની શુભ નિશ્રામાં શુભ મંત્રોચ્ચાર સાથે વિધિકાર શ્રી નિખિલ હરિયાની સંગાથે વાસ્તુ વિધિ, ખનન વિધિ કરવામાં આવેલ. શ્રી સાંધવ નગરનું આ છઠું અતિથિગૃહ બનશે.





# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ શ્રી અનંતનાથજી દેરાસર ટ્રસ્ટના ઉપક્રમે પંચવર્ષીય દાતાના સહયોગે જાજરમાન વિવાહ સમારોહ યોજના

લગ્નમાં થતા લખખૂટ મોટા ખર્ચથી બચવા શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ-શ્રી અનંતનાથજી દેરાસર ટ્રસ્ટ પંચ વર્ષીય દાતાના સહયોગથી મુંબઈ મહાજનના આંગણે જાજરમાન વિવાહ સમારોહની યોજના જાહેર કરે છે. જેમાં આપના પરિવારના લગ્ન પ્રસંગની સમગ્ર વ્યવસ્થા મહાજનની રહેશે. વર તથા કન્યા પક્ષ પ્રત્યેકને ખર્ચ માત્ર રૂ.૫૧ હજાર થશે. સ્થળ ભાંડુપ મેવાડ ભવન, એ/સી સમય સવારના ૯ થી ૧ કલાક સુધી જેમાં હોલ, ડેકોરેશન કેટરર્સ, ગોર મહારાજ, ઢોલી, ફોટોગ્રાફર, સંગીત, વેલે પાર્કીંગ બધી સગવડતાઓ પ્રત્યેક પક્ષના ૧૫૦ જણ માટે.

ખાસ નોંધ : વર કન્યા માટે વરમાળા, ઝરોળ અને પોખવાનો ડબ્બો, તેમજ વિદાય વખતે લાડુ, લોટો અને વાટકો સહભાગી થનાર પરિવારને લાવવાનો રહેશે.

માર્ચ ૨૦૨૫ થી જૂન ૨૦૨૫ વિક્રમ સંવત ૨૦૮૧ને શકે ૧૯૮૬ જૈન વીર સંવત ૨૫૫૧ના લગ્ન મૂહૂર્ત તારીખો વહેલો તે પહેલાના ધોરણે ઉપલબ્ધ છે. તો જલ્દીથી નક્કી કરી બુકીંગ કરાવો.

**માર્ચ ૧) ફાગણ સુદ ૨ શનિવાર, તા. ૧ માર્ચ ૨૦૨૫ ૨) ફાગણ સુદ ૩ રવિવાર, તા.૨ માર્ચ ૨૦૨૫**

**એપ્રિલ ૧) ચૈત્ર સુદ ૯ રવિવાર, તા.૬ એપ્રિલ ૨૦૨૫ ૨) ચૈત્રવદ ૧ રવિવાર, તા.૧૩ એપ્રિલ ૨૦૨૫ ૩) ચૈત્ર વદ ૬ શુક્રવાર તા.૧૮ એપ્રિલ ૨૦૨૫**

**મે ૧) વૈશાખ સુદ ૭ રવિવાર, તા.૪ મે ૨૦૨૫ ૨) વૈશાખ સુદ ૧૪ રવિવાર, તા.૧૧ મે ૨૦૨૫ ૩) વૈશાખ વદ ૨ બુધવાર તા.૧૪ મે ૨૦૨૫ ૪) વૈશાખ વદ ૩ ગુરૂવાર તા.૧૫ મે ૨૦૨૫ ૫) વૈશાખ વદ ૭ રવિવાર, તા.૧૮ મે ૨૦૨૫ ૬) વૈશાખ વદ ૧૪ રવિવાર, તા.૨૫ મે ૨૦૨૫**

**જૂન ૧) જેઠ સુદ ૬ રવિવાર, તા.૧ જૂન ૨૦૨૫ ૨) જેઠ સુદ ૧૨ શનિવાર, તા.૭ જૂન ૨૦૨૫.**

મુંબઈ મહાજન કાર્યાલય ૦૨૨-૪૬૧૬૫૭૯૬, ૯૮૯૨૭૪૧૪૧૪, ૮૮૭૯૩૨૪૦૦૫ યોગેશ કુરૂવાનો સંપર્ક કરવો.

આ માહિતી મહાજન મંત્રીશ્રીઓ ચેતન મોતા (વારાપધ્ધર), શ્રીમતી રાજુલ પટેલ (સાંયરા) દ્વારા અપાઈ છે.

# શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા શ્રી ક.દ.ઓ.જૈન પશ્ચિમ એકમના પ્રમુખનું ભાવભર્યું સ્વાગત કરાવ્યું

શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન, રાયપુરમાં તા.૨૬ ફેબ્રુઆરીના શ્રી કમલેશ માણેકજી દંડ (અંકલેશ્વર-તેરા) શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન પશ્ચિમ એકમ-ગુજરાતના પ્રમુખ રાયપુરના શ્રી કુંથુનાથ શ્વેતાંબર જિનાલય (અચલગચ્છ) સપત્ની પધારેલ જિનાલય દર્શન વંદન બાદ મહાજનના પ્રમુખ શ્રી ચંદ્રેશ વીરચંદ છેડા દ્વારા તેમનું શાલ, શ્રીફલથી બહુમાન કરવામાં આવેલ ત્યા જ્ઞાતિની પ્રગતિ માટે મહાજનના કાર્યોની ચર્ચા કરેલ સાથે શ્રી ભરત નારાયણજીભાઈ મૈશેરી, સૌ ભાવનાબેન કીર્તિભાઈ પોલડીયા, સૌ. પૂજાબેન હિતેશભાઈ મોમાયા હાજર રહેલ.





# પ.પૂ.સાધ્વીશ્રી હર્ષવંદનાશ્રીજી મ.સા. સંયમજીવનના ૩૮મા વર્ષમાં પ્રવેશ



વિક્રમ સંવત ૨૦૪૪ના મહા વદ ૧૨ તિથિ દિને કચ્છ સુથરી ગામના માવિત્ર માતુશ્રી રાજબાઈ નરશી જેઠાલાલ છેડાના ધર્મ સંસ્કારી સુપુત્રી દંતાણી તીર્થે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા. ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી. ગુરૂમૈયા પ.પૂ.સાધ્વીજી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે નૂતનનામ પ.પૂ.સાધ્વીશ્રી હર્ષવંદનાશ્રીજી મ.સા. ધારણ કરી સંયમ જીવનના પથ પર પ્રવાસનો પ્રારંભ કર્યો.

ધર્મ, ભક્તિ, તપ, ત્યાગ, આરાધના કરતાં કરતાં રજત વર્ષને પાર કરી આજે વિક્રમ સંવત ૨૦૮૧ના મહાવદ ૧૨ તિથિ દિને પૂજ્ય સાહેબ સંયમ જીવનના ૩૭ વર્ષ પૂર્ણ કરી ૩૮મા વર્ષમાં પ્રવેશ કર્યો છે.

આ સિધ્ધિને વધાવતા રાજીપો અનુભવતા ગુરૂ ભક્તો શુભકામના કરે છે કે પૂજ્ય સાહેબજી આ જ રીતે આગળ વધતાં રહી સુવર્ણ, હીરક અને અમૃત વર્ષને પાર કરતાં કરતાં સિધ્ધિ રૂપ સર્વોચ્ચ શતકના શિખરે બિરાજમાન થાય. સાહેબજીને શત શત વંદના.

---

# શ્રી કેડીઓ દિવ્યાંગ સમિતિના શક્તિ બનનાર દાતાની અનુમોદના

શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની દિવ્યાંગ સમિતિની જ્ઞાતિના દિવ્યાંગજનોને માટે દિવ્યાંગ પાલક યોજના સંચાલિત કરે છે. જેની અંતર્ગત દિવ્યાંગજનોને આર્થિક આધાર અપાય છે. આયોજનમાં રૂા.૨૫ હજારનું માતબર અનુધાન આપી કચ્છ ગામ રવા હાલ ચેમ્બુરના શ્રીમાન શ્રી કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા દિવ્યાંગ શક્તિ તરીકે નોંધ કરાવી ઉત્તમ અને ઉદાર સહયોગ આપ્યો છે.




દિવ્યાંગજનો અધૂરા નથી પણ કુદરતની અવહેલના સામે ખમતીદાર બની શારીરિક તેમજ માનસિક પડકાર ઝીલનાર કહેવાય છે. નિયતિ અને ઈશ્વરે આપેલા પડકારને તેઓ હસતા મુખે ઝીલી શકે છે. આ ઈશ્વરની આરાધના સમાન છે. દિવ્યાંગજનોને માત્ર સહાનુભૂતિ જ નહીં પણ સક્ષમ થઈ તેઓ વિષમ પરિસ્થિતિનો પડકાર ઝીલી શકે તેવા પ્રગતિશીલ અને પરાક્રમી બને એવી તાકાત બક્ષવાની છે.


આમાં દિવ્યાંગ શક્તિ દાતાની ઉદાર ભાવના અને સમજણને શત શત સલામી સાથે અનુમોદના કરીએ છીએ.

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી ફેબ્રુઆરીથી એપ્રિલ માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા. ૨૮.૨.૨૫ થી તા. ૦૨.૩.૨૫ | સાંયરા તીર્થઃ ૧૪૭ મા ધ્વજારોહણ નિમિત્તે ત્રિહાનિકા મહોત્સવ |
| તા. ૦૧.૦૩.૨૦૨૫ | સાંયરા વિકાસ મંડળ આયોજિત સ્નેહમિલનઃ સાંયરામાં |
| તા. ૦૯.૦૩.૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ આયોજિત કેડીઓ કલા કુંભ કાર્યક્રમ |
| તા. ૧૦.૦૩.૨૦૨૫ | વરાડીયામાં શ્રી વરાડીયા શ્રી ક.દ.ઓ.જૈન મહાજનનું નિર્માણાધીન નુતન અતિથિ ગૃહનું ભુમિ પુજન. |
| તા. ૧૭-૨૨ માર્ચ ૨૦૨૫ | શ્રી કે.ડી.ઓ. મીડ ટાઉન જૈન સંઘ આયોજિત ઉત્તર પ્રદેશના જૈન તીર્થોનો લકઝરી યાત્રા પ્રવાસ |
| તા. ૨૨.૦૩.૨૦૨૫ | શ્રી સમસ્ત શ્રી ક.દ.ઓ.સચ્ચાઇ પરિવાર આયોજિત શ્રી સચ્ચાઇ માતાજીની સમુહ પહેડીઃ આર. આર. સભાગૃહ, મહાડા કોલોની, મુલુંડ ઈસ્ટ. |
| તા. ૨૮.૦૩.૨૦૨૫ | શ્રી કે.ડી.ઓ. મીડ ટાઉન જૈન સંઘ આયોજિત મસાલા વિતરણ ઓર્ડર માટે અંતિમ દિવસ. |
| તા. ૩૦.૦૩.૨૫- ૦૨.૦૪.૨૫ | તેરામાં બિરાજમાન મોતા પરીવારના કુળદેવી શ્રી અંબાઈમાના ભુવા શ્રીનું ચયન તથા ૨૫મી સમુહ પહેડીઃ કચ્છ તેરા. |
| તા. ૦૧.૦૪.૨૫ થી ૦૨.૦૪.૨૫ | વરાડીયામાં શ્રી ડાઘા મોમઈ મા મિત્ર મંડળ સંચાલિત ડાઘા કુળદેવી શ્રી મોમઈ માતાજી તથા શ્રી ભલારા દાદા મંદિરોનું ધ્વજારોહણ મહોત્સવ.મુખ્ય લાભાર્થીઃ મા. હીરબાઇ રતનશી પાશવીર ડાઘા હ. નલીનભાઈ |
| તા. ૦૩.૦૪.૨૫ થી ૧૩.૦૪.૨૫ | સાંધવ તીર્થઃ સં. ૨૦૮૧ ચૈત્ર માસની આયંબિલ ઓળી. |
| તા. ૦૯/૧૦ એપ્રિલ ૨૦૨૫ | નલિયા ગામમાં બિરાજમાન ધરમશી કુળદેવી શ્રી અંબે માતાજીને નમતા પરીવારોની પહેડી તથા શ્રી પુડશા દાદાના ભુવા શ્રીની ગન્ધી બદલી કાર્યક્રમ |
| તા. ૧૦.૦૪.૨૫ થી ૧૨.૦૪.૨૫ | લાલપુરમાં શ્રી ભલારા દાદા દેવસ્થાને ધ્વજારોહણ સહિત ચૈત્રી મહોત્સવઃ ચૈત્ર સુદ તેરસથી પુનમ. |
| તા. ૧૨.૦૪.૨૫ | વારાપધરમાં બિરાજમાન શ્રી દાદા ભલારા દેવસ્થાનના ભોઇ માના બાના (ગંધી) બદલી પ્રસંગ. ચૈત્રી પુનમ. |
| તા. ૦૩.૦૫.૨૫ થી ૦૫.૦૫.૨૫ | શ્રી સુથરી તીર્થ શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથજી જિનાલય ૧૮૭ મા ધ્વજારોહણ નિમિત્તે ત્રિહાનિકા મહોત્સવ. |

# શ્રી સમસ્ત મહાજનની મેડિકલ સમિતિના સંજીવની એમરલ્ડ પેટ્રોનને હરખથી આવકાર




પરોપરકારનો અન્ય અર્થ છે. પારકાઓની ભલાઈ કરવી. મનુષ્યનો પરમ ધર્મ છે નાત, જાત, પારકા-પરાયાના ભેદ વગર ભલું કરવું. બીજાઓ માટે વ્યક્તિ કેટલું જીવ્યો એનાથી જ જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે. અન્યોની સહાય માટે કરેલા અથાગ પ્રયત્નોથી જ જે તે વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.

આ સત્યના સત્વને આર્થિક કરતા કચ્છ સુજાપુર હાલે બેંગ્લોરના માતુશ્રી રેખાબેન સુનીલ ખોના હસ્તે જય સુનીલ ખોના શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનની મેડિકલ સમિતિની અદ્‌ભૂત અને મદદગાર સંજીવની યોજનામાં રૂા.પાંચ લાખનું ઉદાર અનુદાન આપી સંજીવની એમરલ્ડ પેટ્રોન તરીકે જોડાયા છે. દાતાશ્રીની ઉદાર મદદથી જ્ઞાતિના જરૂરિયાતવાળા દર્દીઓને કાળજી ભરી સ્વાસ્થ્ય સહાય પ્રદાન કરી શકાશે.

તેમના ઉદાર યોગદાનનો સહર્ષ સ્વીકાર કરી સમસ્ત મહાજન આવકારે છે અને તેમની જ્ઞાતિપ્રેમ ભાવનાની બહોળે પણે પ્રશંસા કરતાં અનુમોદના કરે છે.

# સંજીવની કેસ નં.૧૭૪ માટે રૂા.૬૪ હજારની મદદ ટૂંક સમયગાળામાં આપી શકાઈ

Samast Mahajan, Sanjivani Initiative

## CASE No.: 174

## DONATION CLOSED

### Mrs HIRABEN VIJAY LODAYA

**Age 77 yrs, Bhandup, Kutch-Varapadhar**

**She had got Fracture of Right Superior Ramus (part of hip bone) along with Fracture of Clavicle. Was hospitalised due to Urosepsis, Chronic Kidney Disease, fluctuating BP.**



KDO SANJIVANI

**DONATION CLOSED**

**Bank Details:**
**Name:** Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan
**Bank :** Bank of Baroda **Branch :** Mulund (West)
**A/c.:** 99630100021765
**IFSC:** BARB0DBMULW **MICR :** 400012272

**Shri Samast KDO Jain Mahajan Medical Committee**


**In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 75060 70851**

વારાપધ્ધર ભાંડુપના ૭૭ વર્ષીય શ્રીમતી હીરાબેન વિજય લોડાયા પ્યુબિક રામસ હાડકાના ફ્રેક્ચર હિપ બોનથી સંપૂર્ણ ગ્રસ્ત થયા હતા. તેઓ ક્રોનિક કિડની ડિસીઝ, હાઈપરટેન્શન અને સેપ્ટિસેમિક શોક યુરોસેપ્સિથી પીડિત હતા.

પુત્રી સાથે રહેતા હીરાબેન પુત્રી સાથે મળી ઘરેલુ ટિફિન સેવાઓ પૂરી પાડે છે. કોઈ બચતનો સહારો નથી કે નથી મેડિક્લેઈમનો આધાર. આવી કપરી પરિસ્થિતિમાં તેઓ સમસ્ત મહાજનની મેડિકલ સમક્ષ સહાય અરજી મૂકી. જેનો અભ્યાસ કરી જરૂરી ભંડોળ માટે ક્રાઉડ ફંડિગ માટે મૂકાયો.

જણાવતા ખુશી થાય છે કે ફંડિગ શરૂ કરવાના થોડા સમયગાળામાં જ જરૂરી રકમ એકત્ર થઈ જતાં ક્રાઉડ ફંડિગ બંધ કરાયું. ફરી ફરી ઉદારજનોનો અમૂલ્ય સહયોગને લીધે તાત્કાલિક જરૂરતમંદ દર્દીની મદદ કરી શકાઈ છે. જે માટે સૌ માનવતાવાદી મહાનુભાવોનો શત શત આભાર સાથે સલામ.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**વિજયભાઈ દંડ**

તા.૨૨ ફેબ્રુઆરી (ઉ.૬૫)


સેવક ભરૂડીયા-જોધપુર



**કેસરભાઈ ધરમશી**

તા.૨૩ ફેબ્રુઆરી (ઉ.૫૨)

સુથરી-કલ્યાણ



**અતુલભાઈ મહેતા**

તા.૨૩ ફેબ્રુઆરી (ઉ.૬૯)

માનકુવા

મા.મીઠીબાઈ ધનજી દેવશી મોમાયા


વરાડિયા-મુલુંડના જમાઈ



**વૈશાલીબેન લોડાયા**

તા.૨૪ ફેબ્રુઆરી (ઉ.૪૦)

કોઠારા-ડોંબિવલી



**સુરેન્દ્રભાઈ લોડાયા**

તા.૨૪ ફેબ્રુઆરી (ઉ.૭૭)

રવા-સાયન



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● ઈન્ડિયા ચેસ ફેડરેશન–ફિડેના ઉપક્રમે ફિડે ઈન્સ્ટ્રક્ટર ચેસ સેમિનારનું આયોજન જી.એસ.સી.બેંક અમદાવાદ ખાતે કરાયું હતું. જેમાં સમગ્ર ભારતમાંથી ૪૫ નિષ્ણાત ચેસ કોચને આમંત્રિત કરાયા હતા. કચ્છમાંથી આસિસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર તરીકે ફરજે રહેલા સંજય વી. દાવડાની રાષ્ટ્રીય કોચ તરીકે નિમણૂંક થતાં તેમને ફિડે દ્વારા નેશનલ લાયસન્સ સર્ટિફિકેટ આપવામાં આવેલ. તેઓ કચ્છના પ્રથમ રાષ્ટ્રીય ચેસ કોચ બન્યાનું ગૌરવ મેળવું છે. તેમણે આ શાળા, કોલેજમાં ૬૦ હજાર વિદ્યાર્થીઓને પાયાની નિઃશુલ્ક તાલીમ આપી તેમના માર્ગદર્શક બન્યા છે.

● ભચાઉ તાલુકાના ચોબારી ગામે જૂના રામ મંદિર ખાતે ચોબારીની આહીર બહેનો દ્વારા ગત વરસે દ્વારિકા ખાતે યોજાયેલા આહીરાણી મહારાસની ઉજવણીના ઉપલક્ષમાં એક વરસ પૂર્ણ થતા અહીં ઉજવણી કરવામાં આવી હતી. ચોબારી ગામની એક હજાર જેટલી બહેનો પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ થઈને પોતાની ભાતીગળ સંસ્કૃતિ ઝાંખી કરાવતા દેશી ઢોલના તાલે રાસની રમઝટ બોલાવી હતી. દ્વારિકા રાસમાં ગુજરાતભરની આહીચણીઓ દ્વારિકામાં મહારાસમાં ચોબારીની ૫૦ જેટલી બહેનોએ ભાગ લીધો હતો. એક વર્ષ પછી ચોબારીમાં દ્વારિકા મહારાસની પ્રતિકૃતિ જેવો રાસ સૌએ  સાનંદપૂર્વક માણ્યો હતો.

● ભચાઉ પાસે નેર ગામની પ્રાથમિક શાળા ખાતે મૂળ કચ્છની લાપતાગંજ ટીવી સિરિયલની જાણીતી અભિનેત્રી કાજલ નિષાદે તેની શાળામાં ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓને નોટબુક અને પેનનું વિતરણ કર્યું હતું. તાજેતરમાં લોકસભાની ચૂંટણીમાં ગોરખપુર ગ્રામીણથી ભોજપુરી અભિનેતા અને ભાજપ પ્રત્યાક્ષી રવિકિશન સામે કાજલ નિષાદ ચૂંટણી લડ્યા હતા પરંતુ મજબૂત લડાઈના કારણે કાજલે પાંચ લાખથી વધુ મેળવ્યા છતાં પરાજ્ય પામી હતી. તાજેતરમાં પોતાના માદર વેતન કચ્છની મુલાકાત લીધી હતી ત્યારે તેમણે બચપણમાં અભ્યાસ કરેલ નેરની પ્રાથમિક શાળાની મુલાકાત લીધી હતી. અગાઉ તેમણે તેમને એકડો ઘૂંટાવનારા ગુરૂ હરખાભાઈ બલાભાઈ પરમારનું પણ સન્માન કર્યું હતું.

● કચ્છ અને સૌરાષ્ટ્ર માટે જળમાર્ગની મર્યાદાઓ દૂર કરવા અને બંન્ને પ્રદેશના આર્થિક સામાજિક વિકાસને વેગ આપવા વ્યાપારી સંગઠન ગાંધીધામ ચેમ્બર ઓફ કોર્મસ દ્વારા કંડલા નવલખી સમુદ્ર સેતુ બ્રિજ અંગેનો પ્રસ્તાવ વડાપ્રધાન અને મુખ્યમંત્રી સમક્ષ મૂકવામાં આવ્યો છે. પ્રસ્તાવિત આ દરિયાઈ સેતુ માર્ગથી વિકાસનો નવો આયામ ઉપલબ્ધ થશે તેમ જણાવાયું છે. વર્તમાન સમયમાં કચ્છ દેશનું મહત્વનું ઔદ્યોગિક હબ બની ગયો છે. કુંડલા, મુંદરા અને તુણા જેવા બંદરોના વિકાસથી આંતરરાષ્ટ્રીય વાણિજ્ય માટે કચ્છ ભારતના પશ્ચિમી દેશો માટે પ્રવેશદ્વાર બન્યું છે. સૌરાષ્ટ્રના સિરામિક હબ સહિતના ઉદ્યોગોને માલ પરિવહન માટે ૧૪૭ કિલોમીટરનો લાંબો માર્ગ કાપવો પડે છે. જે સમય અને સંસાધનોનો વ્યય કરે છે. આ સંજોગોમાં માત્ર સાત નોટિકલમાઈલ ૧૩ કિલોમીટરનો દરિયાઈ સેતુ માર્ગ નિર્માણ કરવાથી આ અંતર ઘટીને માત્ર તેર કિલોમીટર થઈ શકશે. તેમજ દેશનું આર્થિક પાસુ મજબુત બની શકશે. એક સર્વેના આધારે અંદાજે ૧૬૦૦ કરોડના પ્રોજેક્ટથી ૨૦ હજારથી વધુ ભારે વાહનોને સીધો લાભ મળશે અને પરિવહન ખર્ચામાં ૪૦ ટકાનો ઘડાડો થશે તેમજ પરોક્ષ અને પ્રત્યક્ષરીત પણ રોજગારીની તકો સર્જાશે.

● ઘડુલી–સાંતલપુર નેશનલ હાઈવે પૈકી કાંઢવાંઢથી ધોળાવીરા સુધી ૩૦ કિલોમીટર સુધીનો અફાટરણ ચીરતો રસ્તો રોડ ટુ હેવન પ્રવાસીઓમાં ભારે લોકપ્રિય બન્યો છે. ત્યારે ચાલુ વર્ષે કચ્છને બીજા નકારચ્છાહિત રણ વચ્ચે પસાર થતાં એકલ બાંભણકા માર્ગની સુવિધા મળશે. ખડીરવાસીઓને તાલુકા મથકથી નજીક લાવતા આ માર્ગમાં ૨૦ કિલોમીટર સુધીનું માટીકામ થયું છે. માટી કામ પૂર્ણ થતાં અફાટ રણને ચીરીને બનાવેલા રસ્તામાં અવરજવર પણ શરૂ થઈ છે. ખડીરવાસીઓને રસ્તાની સુવિધા સાથે કચ્છને રણ માર્ગના સુંદર રસ્તાની ભેટ મળી છે.


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA